## અંતે આશ્વાસન કોનાથી મળે છે?

[ ૨ ]

બાપુજી બ્રહ્મભાવ પામ્યાને આટલા દિવસ વીત્યા પણ આપણાં આંસુ બંધ પડતાં નથી, રુદન અટકતું નથી. રેડિયો ઉપર કોઈની અપેલી અંજલિ સાંભળીએ અગર કોઈ પણ પ્રકારનું છાપું સાંભળીએ,–પછી ભલે દૈનિક, સાપ્તાહિક, માસિક કે અન્ય પ્રકારનું હોય, કોઈ પણ ભાષાનું હોય, કોઈ પણ કોમ, પંથ કે રાષ્ટ્રનું હોય,–તો તેમાંથી બાપુજીના નિધનથી વ્યાપેલ શોકને જ વાંચીએ છીએ અને વાંચતાંવેંત જ આપણું હૃદય ભરાઈ આવે છે. કોઈ બીજાને દિલાસો આપનાર બાકી રહેતું જ નથી. આવું રુદન અદ્વૈત જગતે એના ઇતિહાસમાં કદી પણ જોયું હોય તેમ જાણમાં નથી.

આવું મહારુદન શા માટે? ઉત્તર મળે છે કે મહાકરુણાનો વિયોગ પડ્યો છે. બાપુજીની કરુણા કોઈ પણ સંત કે મહંતની કરુણા કરતાં નોખા જ પ્રકારની હતી. ત્રિવિધ દુઃખના તાપથી તપી રહેલ માનવતાને શાન્તિ આપવા માટેની તેમની ધગશ અને તેમના પ્રયત્નો એ પણ જગતે આજ સુધી નહિ જોયેલ એવી જ વસ્તુ છે. એનું વર્ણન કરવા માટે બુદ્ધિ અને વાણીનાં સાધનો सर्वमिदमत्यल्पं भवति–એ ન્યાયે અલ્પમાત્ર બની જાય છે, અધૂરાં પડે છે.

જ્યારે હિજરતીઓને કોઈ આશ્વાસન કે દિલાસો આપવા અશક્ત હોય, જ્યારે અપહૃત સ્ત્રીઓને કોઈ પણ ખૂણામાંથી ઉદ્ધારની આશાનું કિરણ ન દેખાતું હોય, જ્યારે કોઈ પણ એક વર્ગ ઉપર તેના વિરોધી વર્ગ દ્વારા અકથ્ય સતામણી ચાલી રહી હોય, અને જ્યાં સરકારો કે બીજા શુભેચ્છકોના કોઈ પણ પ્રયત્નો કારગત ન થતા હોય ત્યાં તે દરેક દુઃખીને પોતાના અંગત ચરિત્રબળ કે તપસ્યાબળથી રાહતનો દમ કોણ ખેંચાવતું? એ તો બાપુજીની જીવતી અને અવિશ્રાન્ત કામ કરતી કરુણા જ હતી. બાપુજી અમારા માટે કાંઈક કરશે જ એવી ખાતરી દરેક દુઃખીને દિલાસો આપતી.

અને બાપુજીનો દુઃખની મહાહોળી ઠારવાનો પ્રયત્ન પણ કેવો અદ્ભુત? નોઆખલીમાં વર્તેલ કાળા કેરના અગ્નિને તેઓની કરુણા એક રીતે ઠારે તો કલકત્તામાં વર્તેલ હત્યાકાંડને બીજી રીતે. બિહારમાં સળગેલી હોળીને એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે શમાવે તો દિલ્હીના મહાદાવાનળને બીજી રીતે. આગમાં રહીને આગ બૂઝવવાના પ્રયત્નો ચાલુ હોય ત્યારે પણ પાકિસ્તાનના દૂર દૂરના ભાગોમાં સળગી રહેલ જ્વાળાને કેવી રીતે શમાવવી, એની સક્રિય વિચારણાઓ પણ એકસરખી ચાલતી હોય. આવું મહાકરુણાનું વિરાટ દૃશ્ય શું જગતે કદી જોયું હતું? તેથી જ તો આજ બધા રડી રહ્યા છે, સહુને અનાથતા લાગે છે,—પછી ભલે તે ગમે તેવો સમૃદ્ધ કે શૂર હોય, અગર નમ્ર સેવક કે મહાન અધિકારી હોય,—એમ લાગે છે કે જે કામ આપણા ગજાની બહારનું હતું અને છે, તે કામને એક જ માણસ પોતાની સૂઝથી પહોંચી વળતો. આ લાગણી જ સૌને રડાવી રહી છે.

હિંદુસ્તાનની બહારના સમજદાર લોકો પણ એમ માનતા કે આપણા વિશ્વશાંતિના પ્રયત્નો રેતી ઉપરના મહેલ જેવા છે. એ પ્રયત્નો પાછળ કોઈ નક્કર ભૂમિ નથી. વિશ્વશાન્તિ માટે જે નક્કર ભૂમિ જોઈએ તે કોઈને સમજાતી નથી અને સમજાય તો તે અવ્યવહારુ લાગતી, એવે વખતે આવી નક્કર ભૂમિકા સુઝાડનાર અને તેને એકલે હાથે વ્યવહારુ સિદ્ધ કરી બતાવનાર પુરુષને હિંદે જન્મ આપ્યો છે, એ જ ક્યારેક ક્લેશકલહથી ટેવાયેલ માનવતાને સ્થાયી શાન્તિના સંસ્કારો પૂરા પાડશે. આવો આશાસ્તંભ પડે ત્યારે તેઓ કેમ ન રડે? અને આપણે જોઈએ છીએ કે હજી રુદન કરતાં કોઈ થાકતું નથી.

જો બાપુજી મહાન કરુણાની વિરાટ મૂર્તિ હોય તો તેમના વિયોગનું દુઃખ તેથીયે પણ વિરાટ હોય જ. આ ઉપરાંત બીજા કારણે પણ આપણા દુઃખમાં વૃદ્ધિ થાય છે.

આપણે જાણતા હતા કે સૉક્રેટિસની હત્યા ગ્રીકોને હાથે થાય, ક્રાઈસ્ટની હત્યા જ્યૂ લોકોને હાથે થાય, પણ હિંદુ માનસ તો એમના જેવા મહાસંત કે ઋષિ કે તપસ્વીના ખૂનનો વિચાર સુદ્ધાં કરી શકે નહિ. હિંદુ માનસના આવા ગૌરવથી આપણું મન ઉન્નત હતું. રાજ્યલોભના કારણે અને બીજાં કારણોએ હિંદુ જાતિમાં પણ અનેક ખૂનો થયાં છે પણ કોઈ સાચા તપસ્વી કે સાચા સંતનું ખૂન તેના કટ્ટરમાં કટ્ટર વિરોધી હોય એવા હિંદુને હાથે કદી પણ થયું નથી. હિંદુ માનસમાં આવો જે ભવ્યતાનો અને ધર્મનો ઊંડો સંસ્કાર હતો તે સંસ્કારના લોપથી—તેને લાગેલ કલંકથી આખું હિંદુ માનસ જાણે શરમાઈ ગયું છે અને એ જ ઊંડી શરમ પણ તેનાં આંસુની વાટે જાણે વહી રહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંદુ કલ્પના પ્રમાણે માનવતારૂપ પુરુષનું મુખ બ્રાહ્મણ. બ્રાહ્મણ મુખ બન્યો તે એના ગુણોને કારણે. કયા ગુણો? શું ઘાતકતાના? નહિ, નહિ, કદી નહિ. નરમેધ-પશુમેધ-ની પ્રાકૃત ભૂમિકામાંથી બ્રાહ્મણ ક્યારનો ય ઊંચે ચડ્યો હતો અને તેણે તો યજ્ઞમાં પિષ્ટમય પશુને સ્થાન આપી અહિંસાની ઉચ્ચ ભૂમિકા પણ સિદ્ધ કરી હતી. એણે सर्वभूतहिते रतःનો પાઠ પણ સૌને શીખવવા માંડ્યો હતો. એ બ્રાહ્મણ સર્વ ભૂતોના હિતમાં દરેક રીતે રત થયો હતો. એનું જીવન તન્મય થયું હતું. આવા બ્રાહ્મણત્વને કલંકિત કરનાર કોઈ એક પણ બ્રાહ્મણ વ્યક્તિમાં કે નાનામોટા તેવા વર્ગમાં કેમ સંચર્યો હશે? શું હિંદુત્વ અને બ્રાહ્મણત્વનો હવે શતમુખ વિનિપાત શરૂ થયો હશે કે જેથી તે सर्वभूतहिते રતની જ હત્યાનો સંકલ્પ કરે? મહાકરુણાનું અવસાન કરવાનો સંકલ્પ પણ મહાન એ ખરું, પણ એ સંકલ્પ ક્રૂર અને કઠોર હોઈ અનાર્ય જ હોવાનો. અને જો પુરુષના મુખસ્થાને વિરાજવા લાયક ગણાયેલ બ્રાહ્મણમાં અને તે પણ ચિત્તને પાવન કરવાની ખ્યાતિ પામેલ બ્રાહ્મણ-વંશમાં તેવો અનાર્ય સંસ્કાર ઉદ્ભવે તો પછી હિંદુજાતિ અને બ્રાહ્મણશ્રેષ્ઠ માટે કયું સારું તત્ત્વ બચવા પામ્યું ગણાય? આ વિચારથી પણ સમજદારો કકળી ઊઠે છે અને આંસુ ખાળી શકતા નથી.

હવે દિલાસો કોણ આપશે?—એ જ એકમાત્ર આપણી ઝંખના છે. જે દિલાસો આપવા આવે તે જ દિલગીરી, ગમગીની અને શોકનો ભોગ બને છે. પ્રસન્ન વદને અને હિમ્મતભરેલ હૃદયે આવીને કોઈ આશ્વાસન આપે એવું નજરે નથી પડતું. ત્યારે પણ છેવટે બાપુજી જ પોતાના વિયો-ગથી કકળી ઊઠેલ દુનિયાને આશ્વાસન આપતા દેખાય છે. જાણે બાપુજી અદૃશ્ય રહી સહુને એકસરખી રીતે કહેતા ન હોય કે તમે શું મને નથી ઓળખ્યો? અને ઓળખ્યો હોય તો રડો છો કેમ? શું હું ક્યારેય રડ્યો હતો? શું મેં તમને પ્રસન્ન વદને કર્તવ્ય કરવા અને મરી ફીટવા નથી કહ્યું? મેં જે તમને કહ્યું હતું તે જ જો મેં આચર્યું છે એમ તમને લાગતું હોય અને તમે મારા ઉપર એવો જ વિશ્વાસ ધરાવતા હો તો પછી રડો છો શાને? ગળગળા થાઓ છો શાને? રડવું, દીન બનવું, અનાથતા અનુ-ભવવી એ ગીતામાં કે કોઈ પણ ધર્મશાસ્ત્રમાં વર્જ્ય જ મનાયું છે; તો તમે મને શ્રદ્ધાંજલિ આપનાર બધા બહાદુર બનો અને સત્ય તેમ જ કરુણાનું આચરણ કરવાના મૃત્યુંજયી યુદ્ધમાં ખપી જાઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org